
## જન્મદિને વધામણી



**એમ એમ શાહ**
પ્રમુખ, સમસ્ત ખડાયતા સમાજ, શ્રીનાથ હોમ્સ કો-ઓપ. હાઉસિંગ સોસાયટી મેનેજિંગ ટ્રસ્ટી, સિનિયર સિટિઝન કાઉન્સિલ સેક્રેટરી, જી સી હાઈસ્કૂલ ટ્રસ્ટ



**ઋતુલ મહેશભાઈ સોનારા**

# ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે વાર્ષિક મૂટ કોર્ટ સ્પર્ધા યોજવામાં આવી

## ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ૫૦ જેટલી ટીમ હિસ્સેદાર થઈ : નલસર યુનિવર્સિટી ઑફ લૉ, હૈદરાબાદને ફાઈનલ રાઉન્ડ બાદ વિજેતા ઘોષિત કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ૯મી વાર્ષિક ઈન્ટરનેશનલ મૂટ કોર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૯થી આ વાર્ષિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે અને આ સ્પર્ધાને અમેરિકન સોસાયટી ઑફ ઈન્ટરનેશનલ લૉ, ઈન્ટરનેશનલ લૉ સ્ટુડન્ટ્સ ઍસોસિએશન અને એશિયન સોસાયટી ઑફ ઈન્ટરનેશનલ લૉ જેવી સંસ્થાઓની માન્યતા પણ પ્રાપ્ત થઈ છે.

આ વર્ષની ઈન્ટરનેશનલ મૂટ કોર્ટ સ્પર્ધામાં ૫૦ જેટલી ટીમ હિસ્સેદાર થઈ હતી, જેમાં નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, મોરેશિયસ અને અમેરિકાની ટીમ પણ સામેલ હતી. સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડના નિર્ણાયક તરીકે ક્લેરસ લૉ ઍસોસિએટ્સનાં પાર્ટનર અનુરાધા આરવી, યુનિવર્સિટી ઑફ બર્ન, સ્વીત્ઝર્લેન્ડના ડૉ. રૉડ્રિગો પલાંકો, સુપ્રિન કોર્ટનાં સિનિયર ઍડવોકેટ ઈન્દુ મલ્હોત્રા, લક્ષ્મીકુમારમ ઍન્ડ શ્રીધરન ઍટર્નીઝના મુખ્ય પાર્ટનર સીતારામન સંપત અને યુનિવર્સિટી ઑફ બાર્સેલોનાનાં ઑલ્ટાગ્રાસીયા ઈ આર્થર ઉપસ્થિત રહ્યાં હતાં.

નલસર યુનિવર્સિટી ઑફ લૉ, હૈદરાબાદને ફાઈનલ રાઉન્ડ બાદ વિજેતા ઘોષિત કરવામાં આવી હતી. ધી બેસ્ટ રિટન સબમિશનનો ઍવોર્ડ સિમબાયોસિસ લૉ સ્કૂલ, પૂનાને ફાળે ગયો હતો. બેસ્ટ ઓરેટરનાં પ્રાઈમરી અને ફાઈનલ રાઉન્ડનાં બે ઈનામો અનુક્રમે જયોર્જ વૉશિંગ્ટન યુનિવર્સિટી, વૉશિંગ્ટન ડીસી અને નૅશનલ ઍકેડેમી લીગલ સ્ટડીઝ અને રિસર્ચ, હૈદરાબાદને ફાળે ગયાં હતાં. બેસ્ટ રિસર્ચર ઍવોર્ડ પણ ઍકેડેમી ઑફ લીગલ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, હૈદરાબાદના ફાળે ગયો હતો.

ઈનામ વિતરણ સમારોહમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુભાષ રેડ્ડી, લૉ યુનિવર્સિટીના ડિરેક્ટર પ્રો. ડૉ. બિમલ પટેલ અને રજિસ્ટ્રાર ડૉ. થૉમસ મેથ્યુ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ઈવેન્ટનું આયોજન, સંચાલન ગિરીશ આર અને ગરિમા ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

# બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી



ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના ૯૫ વિદ્યાર્થીઓ ગુજરાત વિધાનસભાની જીવંત કાર્યવાહી નિહાળવા માટેના કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. પ્રશ્નોત્તરી કાળની કાર્યવાહી જોયા બાદ વિદ્યાર્થીઓએ તેમનો અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે આ આખોયે પ્રસંગ તેઓના માટે અવિસ્મરણીય અનુભવ બની રહ્યો જેને તેઓ ક્યારેય નહિ ભૂલી શકે. વિદ્યાર્થીઓ દ્વારા ઈન્દુલાલ યાજ્ઞીક ને પુષ્પાંજલિ અર્પ્યા પછી તેઓ એ વિધાનસભા માં આવેલ પ્રદર્શન નિહાળ્યું હતું. જેમાં ભારતના અનેક મહાનુભાવો વિષે તેમને ઊંડાણ પૂર્વક માહિતી મેળવી હતી. ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને સ્વ ઈન્દુચાચા ના જીવન ચરિત્ર વિષે માર્ગદર્શન આપવા માં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

રહેશે મને
આ મારી
મુસીબતની દશા યાદ
બીજા તો બધા ઠીક છે
આવ્યો ન ખુદા યાદ
ઝાહિદ, મને રહેવા દે
તબાહીભર્યા ઘરમાં
મસ્જિદથી વધારે
અહીં આવે છે ખુદા યાદ

- મરીઝ

## ધર્મેશભાઈ પરમારની વરણી ઑલ ઈન્ડિયા ફેડરેશનમાં

ગાંધીનગર, તા. ૨૫

જમ્પ રોપ ઍસોસિએશન ઑફ ગુજરાતના માનદ મંત્રી ધર્મેશ પરમારની ઑલ ઈન્ડિયા જમ્પ રોપ ફેડરેશનના ઉપપ્રમુખ તરીકે વરણી થઈ છે, જે બાબતે આનંદ વ્યક્ત કરી ગુજરાત ઍસોસિએશન તરફથી તેમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, ગાંધીનગર સંચાલિત

# સરસ્વતી શિશુવાટિકા-પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ





વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, ગાંધીનગર સંચાલિત શ્રી સરસ્વતી શિશુવાટિકા અને શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી.

શિશુવાટિકા અને પ્રાથમિક વિભાગનાં બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ આ પ્રસંગે પ્રસ્તુત કરવામાં આવી હતી, જેની પ્રશસ્તિ ઉપસ્થિત અતિથિઓ અને વાલીઓ દ્વારા કરવામાં આવી હતી. બાળકોનાં માતાઓ દ્વારા રજૂ થયેલો ગરબો એ આ કાર્યક્રમની વિશેષતા બની રહ્યો.

મેયર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ પોતાના હસ્તે વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરનારાં બાળકોને તથા સંસ્થામાં પ્રત્યક્ષ તાલીમ માટે આવેલા દાંતીવાડા યુનિવર્સિટીના ૬ વિદ્યાર્થીઓને મેયરના વરદ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# લાડલી મિડીયા એન્ડ એડવર્ટાઈઝીંગ ઍવોર્ડ્સ એનાયત

## માધ્યમોમાં જેન્ડર સેન્સિટિવિટી પરના લેખો, કાર્યક્રમો બદલ પત્રકારોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૫

પોપ્યુલેશન ફર્સ્ટ સંસ્થા દ્વારા છેલ્લા સાત વર્ષથી વિવિધ પ્રસાર માધ્યમોમાં જેન્ડર સેન્સિટિવિટી પર થતા કામ અંગે જાગૃતિ લાવવા તેમજ તેને નવો દૃષ્ટિકોણ પુરો પાડવા માટે લાડલી મીડિયા એન્ડ એડવર્ટાઈઝિંગ એવોર્ડ્ઝ આપવામાં આવે છે. ગુરુવારે ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે આઠમો લાડલી મીડિયા એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેલાં જાણીતા નૃત્યાંગના મલ્લિકા સારાભાઈએ વિજેતાઓને એવોર્ડ્ઝ એનાયત કરતાં જણાવ્યું હતું કે, 'જ્યારે એક એક મિનિટે સેંકડો છોકરીઓ પર અત્યાચાર થતાં હોય, સેંકડો છોકરીઓ આત્મહત્યા કરવા મજબૂર થતી હોય ત્યારે તમે શાંતિથી અન્ય કામોમાં વ્યસ્ત કઈ રીતે થઈ શકો/ માત્ર કહેવામાં જ નહિ પણ અંદરથી પોતાના વર્તનમાં પળેપળ જેન્ડર સેન્સિટિવિટી વણાયેલી હોય તે માત્ર લોકોનું મનોરંજન કરતા કલાકાર ન બની શકે. તેથી અમે કલાકારો અને પત્રકારો બધા સાથે મળીને કામ કરીએ તે જરૂરી છે. પત્રકાર મિત્રો જો પોતાના એક લેખ કે સમાચાર દ્વારા એક વ્યક્તિના જીવનમાં પરિવર્તન લાવવાનો નિશ્ચય કરે, તો લાંબા ગાળે પણ પરિવર્તન લાવી શકાશે.' આ પ્રસંગે પોપ્યુલેશન ફર્સ્ટના સ્થાપક એસ.વી. તીસ્તાએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું તેમજ ડિરેક્ટર પલ્લવી શારદાએ તેમજ લાડલી સાથે લાંબા સમયથી સંકળાયેલા રંગકર્મી ડોલી ઠાકુરે એવોર્ડ્ઝ માટે મળેલી ૧૫૦૦ એન્ટ્રીમાંથી વિજેતાઓની પસંદગી પ્રક્રિયા અંગે વાત કરી હતી. આ પ્રસંગે દૂરદર્શન અમદાવાદના પ્રોગ્રામિંગ હેડ રૂપા મહેતા તેમજ એસીપી, ઈન્ટેલિજન્સ બ્યૂરો, કાનન દેસાઈ ખાસ હાજર રહ્યા હતાં.

**લાડલી મીડિયા એવોર્ડના વિજેતાઓ**

ડૉ. બિંદુ ભટ્ટને નિરંતર લેખન માટે, મેગેઝિન અને ફીચર કેટેગરીમાં ગૌતમ શ્રીમાળી, મેઘા જોશી, ઉપેન્દ્ર શર્મા, યોગેશ પવાર, કોલમ-પ્રેરણાત્મક કેટેગરીમાં મૌસમ ત્રિવેદી, પ્રિન્ટ લેખમાં ડૉ. દિવ્યેશ વ્યાસ, પૂર્તિ કવર સ્ટોરીમાં પ્રકૃત્તિ ઠક્કર, પ્રિન્ટ ઝુંબેશમાં આનંદ ચૌધરી અને રણજિતસિંહ ચારણ, ફિચરમાં ઉપેન્દ્ર શર્મા, ઈન્વેસ્ટિગેટીવ રિપોર્ટિંગમાં અદરીશ ખાન, ન્યૂઝ રિપોર્ટમાં સોનમ રાણાવત, વેબ બ્લોગમાં મારીયા અલી, ઈ મેગેઝિન આર્ટિકલમાં શીલીમા ડી'લીમા, પ્રિન્ટ ફીચરમાં યોગેશ પવાર, વેબ ફીચરમાં નેહા મેથ્યુસ, યથુરા રાવ, પ્રિન્ટ રિપોર્ટિંગમાં વિનયા દેશપાંડે પંડિત અને વિનોદ કુમાર મેનન પ્રિન્ટ ઈન્વેસ્ટિગેટીવ સીરીઝમાં પ્રીતી દાસ, પ્રિન્ટ ન્યૂઝ રિપોર્ટમાં જ્યોતિ શેલર, જ્યુરી એપ્રીસિએશન મોના શેઠ, આર્ટિકલ સિરીઝ માટે ઉષા બોર્ડે, પ્રિન્ટ બેસ્ટ ન્યૂઝ રિપોર્ટ અશ્વિની તડવાલકર, પ્રિન્ટ બેસ્ટ ફીચર વંદના ખરે તેમજ પ્રિન્ટ બેસ્ટ કોલમમાં અરુન્ધતી જોશી.

# કાયદાની વ્યવસ્થામાં પીડિતોનું સન્માન જળવાવું જોઈએ

## શ્રીલંકાના પૂર્વ ચીફ જસ્ટિસ અને એટર્ની જનરલ મોહન પેરિસનું નિરમા લૉ યુનિવર્સિટીમાં વકતવ્ય

ગાંધીનગર, તા. ૨૫

ઈન્ડિયન સોસાયટી ઑફ વિક્ટિમોલોજી વિષયે નિરમા યુનિવર્સિટી ખાતે આયોજિત કોન્ફરન્સમાં શ્રીલંકાના પૂર્વ ચીફ જસ્ટિસ અને એટર્ની જનરલ મોહન પેરિસે કહ્યું હતું કે,કોઈ આરોપી ગુનો કરે છે. તેની ટ્રાયલ ચાલે છે. આરોપી દોષિત ઠરે છે અને તેને સજા આપી દેવાય છે. પરંતુ શું અહીં ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ પૂર્ણ થઈ જાય છે. આરોપી જેલ ભેગો થાય ત્યારબાદ ઘટનાની પીડિત વ્યક્તિનું શું થાય છે. સમગ્ર પ્રક્રિયામાં પીડિતને હળવાશથી લેવાય છે અને તેને કંઈ મળતું નથી. તેથી કાયદાકીય વ્યવસ્થામાં પીડિતોનું ગૌરવ અને સન્માન જળવાય એવી જોગવાઈ થવી જોઈએ. ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં પીડિતોની સહભાગિતા વિષય પર આધારિત કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે,જ્યારે કોઈ પણ ગુનો નોંધાય છે ત્યારે એ રાજ્યની નિષ્ફળતા છતી કરે છે. તેથી આવા સંજોગોમાં પીડિત વ્યક્તિ બે રીતે મહત્ત્વપૂર્ણ બની રહે છે. સૌથી પહેલા તો તે કાયદાકીય લડાઈ લડીને ન્યાય મેળવે છે. બીજું કે તે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે દિશામાં રાજ્ય સરકારને મદદરૂપ થાય છે.

કાર્યક્રમના અતિથિ વિશેષ ગુજરાત રાજ્ય માનવ અધિકાર પંચના ચેરમેન જસ્ટિસ (નિવૃત્ત) ભગવતી પ્રસાદે જણાવ્યું હતું કે,'નિર્ભયાકાંડમાં આંદોલનકારીઓ આરોપીઓને મોતની સજાની માગ કરી રહ્યા હતા. જ્યારે કે દુનિયાના અનેક દેશોમાં મોતની સજાનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે આ વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે ખરેખર પીડિતને શું મળે છે. ક્ષણિક આવેશમાં હત્યા કરનારો આરોપી જ્યારે પોલીસ કસ્ટડીમાં આવે છે ત્યારે જેલમાં તે હંમેશાં પીડિતની અવસ્થા જ ભોગવે છે. ઈન્ડિયન સોસાયટી ઑફ વિક્ટીમોલૉજીના પ્રેસિડેન્ટ ડૉ. જી એસ બાજપાઈએ જણાવ્યું હતું કે અનેક એવા કેસ છે કે જેમાં આરોપીઓને વર્ષો સુધી ખોટી રીતે જેલમાં ધકેલી દેવાયા છે. નિર્દોષ હોવા છતાં તેમને વર્ષો સુધી પીડા ભોગવવી પડી છે.

નિરમા યુનિવર્સિટીના લૉ વિભાગનાં ડીન પ્રો. પૂર્વી પોખરિયાલે કાર્યક્રમની શરૂઆત કરાવી હતી અને યુનિવર્સિટીના ડિરેક્ટર જનરલ ડૉ. અનુપ સિંહે પણ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા હતાં.

### ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા

# સર્ટિફાઈડ મૅનેજમૅન્ટ ઍકાઉન્ટન્ટની પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું

## અમદાવાદ સેન્ટરનું ફાઈનલ સિલેબસનું પરિણામ ૧૯.૯૩ ટકા ઈન્ટરમીડિએટનું ૭.૨૯ ટકા અને ફાઉન્ડેશન કોર્સનું પરિણામ ૭૩ ટકા આવ્યું

ગાંધીનગર, તા. ૨૫

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર-૨૦૧૬માં લેવામાં આવેલી સર્ટિફાઈડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ ચેપ્ટરનું ફાઈનલ સિલેબસનું ૧૯.૯૩ ટકા પરિણામ જાહેર કરાયું છે. જ્યારે ઈન્ટરમીડિએટનું ૭.૨૯ ટકા અને ફાઉન્ડેશનનું ૭૩ ટકા પરિણામ આવ્યું છે. જૂન-૨૦૧૬માં લેવામાં આવેલી પરીક્ષાના પરિણામ કરતા ડિસેમ્બર-૨૦૧૬માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ ઘટ્યું હોવાનું જાણવા મળે છે. ફાઈનલ કોર્સમાં અમદાવાદ ચેપ્ટરમાં ૨૮૧માંથી ૫૬ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર ડિસેમ્બર-૨૦૧૬માં લેવાયેલી પરીક્ષામાં ઓલ ઈન્ડિયા લેવલનું ફાઈનલ સિલેબસનું પરિણામ ૧૨.૭૧ ટકા આવ્યું છે. જ્યારે ઈન્ટરમીડિએટ સિલેબસનું ૯.૦૯ ટકા પરિણામ આવ્યું છે. વેસ્ટર્ન ઈન્ડિયાનું ફાઈનલ સિલેબસનું ૮.૧૬ ટકા, ઈન્ટરમીડિએટનું ૪.૩૨ ટકા અને ફાઉન્ડેશન કોર્સનું ૭૩ ટકા પરિણામ આવ્યું છે. અમદાવાદ સેન્ટરનું ફાઈનલ સિલેબસનું ૧૯.૯૩ ટકા, ઈન્ટરમીડિએટનું ૭.૨૯ ટકા અને ફાઉન્ડેશન કોર્સનું ૭૩ ટકા પરિણામ આવ્યું છે.

અમદાવાદ સેન્ટરમાં ૨૩ વિદ્યાર્થીઓએ ફાઈનલ પરીક્ષા કમ્પ્લેટ પાસ કરી કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ બન્યા છે. જ્યારે ઈન્ટરમીડિએટ પરીક્ષામાં ૨૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ગ્રૂપ વાઈઝ પરિણામમાં ફાઈનલ ગ્રૂપ-૩માં ૩ અને ગ્રૂપ-૪માં ૩૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જ્યારે ઈન્ટરમીડિએટ ગ્રૂપ-૧માં ૮ વિદ્યાર્થી પાસ થયા છે. ઉપરાંત ફાઉન્ડેશનમાં ૩૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ફાઈનલ પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ રિજિયોનલ ક્ષેત્રે કરવામાં આવે છે. પશ્ચિમ વિભાગમાં કેમ્પસ પ્લેસમેન્ટનો કાર્યક્રમ મુંબઈ ખાતે ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ યોજવામાં આવશે.

# બીજેવીએમ કૉમર્સ કૉલેજ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૫

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જીવાભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય (બીજેવીએમ કૉમર્સ કૉલેજ)માં રાષ્ટ્રીય સેવા યોજના અને ભારતીય જનતા યુવા મોરચા, આણંદ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદની એ ડી ગોરવાલા બ્લડ બૅન્કના સહયોગથી રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય આર ઍમ પટેલ, ડૉ. ઍસ આર અજમેરી, આણંદ જિલ્લા પ્રમુખ મહેશભાઈ પટેલ, આણંદ જિલ્લા મહામંત્રી સુભાષભાઈ બારોટ, પ્રદેશ પ્રશિક્ષણ સેલ કન્વીનર રાજેશભાઈ પટેલ, બીજેવીઍમ કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. પરેશ મોરધરા અને ડૉ. અંકિતા ઢોલરિયા, જિલ્લા યુવા મોરચા પ્રમુખ જગતભાઈ પટેલ, ઉપપ્રમુખ દિપેન પટેલ અને સુનીતભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી કૅમ્પની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ઍન ઍસ પરમાર અને સિનિયર પ્રાધ્યાપક એ પી પટેલ, પી યુ વ્યાસ, ઍચ ડી પટેલ અને આણંદ શહેર યુવા મોરચા પ્રમુખ જલ્પનભાઈ પટેલ, પૂર્વ રાષ્ટ્રીય યુવા મોરચા મંત્રી ધ્વનીબેન શર્મા, કારોબારી સભ્ય ભરહત અમીન, શહેર યુવા મોરચા પ્રમુખ બાબુભાઈ ધોબી તથા કૉલેજ પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ રક્તદાન શિબિરમાં ડૉ. મુસ્તફા, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. મીરાબેન તથા બ્લડ બૅન્ક કૅમ્પ સંયોજક પંકજભાઈ લિંબાચીયાએ સેવાઓ આપી હતી. આ કૅમ્પને સફળ બનાવવા પ્રા. ડૉ. ઍસ આર અજમેરી તથા ઍનઍસઍસના સ્વયંસેવક યશ પાઠક, કેવલ પાવરા, સરલ પટેલ, નિયતિ પટેલ, સાગર ભંડેરી, આશુતોષ દવે, દર્શન પટેલ, મયુર વામજા, દર્શક આંકોલીયા, સાગર મેર, ક્લેન અકબરી, ભૌતિક કોલડિયા, પ્રશાંત ગજેરા, કેયુર પટેલ, દર્શક ભંડેરી અને ભાવસિંહ ડોડિયાએ પ્રશંસનીય કામગીરી કરી હતી. કૉલેજ ઉપરાંત આણંદ જિલ્લાના નાગરિકોએ રક્તદાન કરી કૅમ્પને સફળ બનાવ્યો હતો.

# પુરુષોત્તમદાસ સ્વામી મહારાજનો સદ્‌ભાવના અમૃત પર્વ ઉજવાયો



શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પૂ. પુરુષોત્તમપ્રિયદાસ સ્વામી મહારાજના ૭૫મા સદ્‌ભાવ અમૃત પર્વે દિલ્હી હાઈકોર્ટના જસ્ટીસ ચંદ્રશેખરજીએ પૂ. આચાર્ય સ્વામી મહારાજને શુભકામનાઓ પાઠવી હતી.

## ગુલાબચંદ પટેલની શહેર અધ્યક્ષ તરીકે નિમણુંક

ભારતીય બૌદ્ધ સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલજી અને વરિષ્ટ ઉપાધ્યક્ષ પ્રહલાદભાઈ ચૌહાણની ભલામણથી ગાંધીનગરના રહેવાસી અને કવિ, અનુવાદક, લેખક તથા વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ એન પટેલને અમદાવાદ શહેરના અધ્યક્ષ તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

બૌદ્ધ સંઘની નીતિઓ અને કાર્યોને સફળ બનાવવા ગુલાબચંદ પટેલની વરણી કરવામાં આવી હોવાનું જણાવી રાષ્ટ્રીય વરિષ્ટ ઉપાધ્યક્ષ દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**